# <u>णाया. नी प्रासंगिकता</u>

**<u>- પ્રા. ડૉ. રવીન્દ્રકુમાર ખાંડવાલા</u>**

**णायाधम्मकहाओ** અનેક કથાઓ છે. પ્રથમ શ્રુત સ્કંદમાં ઓગણીસ અધ્યાયનો છે. એમાંનું જે બારમું અધ્યયન છે, તેનું નામ **उद्दकज्ञात** છે. ઉદ્દક અધ્યયન. ઉદ્દક એટલે પાણી. ચંદ્રનો અને મનનો સીધો સંબંધ છે, ચંદ્રનો અને પાણીનો પણ સીધો સંબંધ છે. પાણીની વધઘટ અને મનની ચંચળતા આ બંનેનો જ્યોતિષ અને ખગોળીય શાસ્ત્રની દ્રષ્ટીએ સીધો સંબંધ છે. પાણીના ઉદાહરણને લઈને ભગવાને જે રાગ અને દ્વેષમાંથી મુક્તિ કઈ રીતે પ્રાપ્ત કરવી? એનો ઉપદેશ જે અધ્યયનમાં આપ્યો છે, તે આજનો વિષય છે.

**णायाधम्मकहाओ**ની પ્રાસંગિકતા વિશે વાત કરીએ તો, તેમાં અનેક કથાઓ છે. આજે તેમાંના એક કથાની વાત અહીંયા રજૂ કરીશું. આપણે આગમ વિશે જાણકારી મેળવી. જૈન ધર્મ, જૈન દર્શન અને જૈન સંસ્કૃતિનો મૂળ આધાર એ વિતરાગ સર્વજ્ઞ (આત્મદ્રષ્ટા)ની વાણી જ છે. સંપૂર્ણ રીતે આત્મ દર્શન કરનાર જ વિશ્વનું અખિલાઈથી દર્શન કરી શકે છે. અને જે અખિલાઈથી જાણે છે, એ જ તત્વજ્ઞાનનું યથાર્થ નિરૂપણ કરી શકે છે. એ જ યથાર્થ ઉપદેશ આપી શકે છે. સર્વજ્ઞોએ કહેલ તત્વજ્ઞાન, આત્મજ્ઞાન અને આચાર-વ્યવહારનો સમ્યક પરીબોધ એટલે જ આગમ, શાસ્ત્ર અથવા સૂત્ર. જૈન તીર્થંકરોની વાણી મુક્ત પુષ્પોની વૃષ્ટિ સમાન છે, જેને મહાન પ્રજ્ઞાવાન ગંધર્વો એ સૂત્રમાળાની જેમ ગૂંથી અને વ્યવસ્થિત આગમ રૂપ પ્રદાન કર્યું. આગમોમાં સમગ્ર દ્વાદશ બારે-બાર અંગોનો સમાવેશ થઇ જાય છે. એ બારમાં છઠ્ઠું અંગ જે છે તે **णायाधम्मकहाओ** અથવા **ज्ञाताधर्मकथा**.

- **<u>શીર્ષકનો અર્થ :</u>**

**ज्ञाताधर्मकथानी** વ્યુત્પત્તિ આ રીતે આપવામાં આવી છે. જ્ઞાતૃ પુત્ર ભગવાન મહાવીર દ્વારા ઉપદિષ્ટ ધર્મ કથાઓની પ્રરૂપણા જેમાં કરવામાં આવી છે, તેને **ज्ञाताधर्मकथा** અથવા તેનું પ્રાકૃત રૂપાંતર **णायाधम्मकहाओ** તરીકે આપણે ઓળખીએ છીએ. આચાર સંબંધી નિયમો વગેરે વાતોને દ્રષ્ટાંતો અને આખ્યાનો વડે સમજાવવામાં આવી છે. સાથે જુદી જુદી કથાઓ સાથે તેને વણી લેવામાં આવી છે.

- **<u>આંતરિક માળખું :</u>**

મહાવીર સ્વામીના મુખ્ય અગિયાર શિષ્યો હતા. જે ગણધર કહેવાયા. મુનિઓના ગણ ધારણ કરનાર ઉપરીને ગણધર કહેવાય. એ ગણધરોમાં નવ ગણધરો ભગવાનની હયાતિમાં જ નિર્વાણ પામ્યા. અને જે બે ગણધરો રહ્યા તે **ગૌતમ ઇન્દ્રભૂતિ** અને બીજા તે જ્ઞાતા ધર્મકથાના વક્તા તે **સુધર્માસ્વામી**.

વર્તમાનમાં જે અંગ સાહિત્ય છે, તેના પ્રરૂપક ભગવાન મહાવીર છે અને તેમના ઉપદેશને સૂત્ર રૂપે જેણે રચી આપ્યો તે ગણધર સુધર્માસ્વામી. અહીં શ્રી જંબુસ્વામી પ્રશ્નો પૂછે છે કે, ભગવાન મહાવીરે પ્રથમ અધ્યયનનો શું અર્થ કર્યો છે? ત્યારે સુધર્માસ્વામી તેમને ઉત્તર રૂપે આખું અધ્યયન કહે છે. તો ભગવાન મહાવી પાસે સાંભળેલી, તાત્વિક રહસ્યોને ઉજાગર કરતી કથાઓ દ્રષ્ટાંત રૂપે આ જ્ઞાતા ધર્મકથામાં છે. આ દૃષ્ટાંતો દ્વારા અહિંસા, આસ્વાદ, શ્રદ્ધા, ઇન્દ્રિય વિજય જેવાઆધ્યાત્મિક તત્વોને ખૂબ સંક્ષેપ્ત અને સરળ શૈલીમાં વર્ણવાયા છે. કથાવસ્તુની વર્ણનશૈલી ચિત્તાકર્શક છે. તેનો પ્રવાહ એક બેઠકે વાંચવાનું મન થાય એવો છે. ઐતિહાસિક દ્રષ્ટીએ પણ અહીં પર્યાપ્ત સામગ્રી ઉપલબ્ધ છે. તત્કાલીન પરિસ્થિતિ, રીત-રિવાજો, ખાન-પાન, સામાજિક પરિસ્થિતિ, માન્યતાઓ વગેરેનું વિશ્લેષણ આં આગમમાં આપણને જોવા મળે છે. જીવન નિર્માણની શૈલીનો પ્રયોગ કરનારા આ નિપુણ ધર્મનાયકો અહીં વર્ણવાયા છે. અહીં બોધકથાઓ છે, તેથી તે જીવન નિર્માણને પ્રેરણા આપનારા છે. તેમાં ક્યાંય સાંપ્રદાયિકતા કે સંકુચિતતા નથી, એ તેનું મોટું પાસું છે. અલબત્ત આ કથાઓ જૈન શ્રમાશ્રમણોને ધ્યાનમાં રાખીને રચવામાં આવી છે. તેમ છતાં આપને એમ કહી શકીએ કે, આ સાર્વભૌમિક કથાઓ છે. દરેક ધર્મ અને સંપ્રદાયના અનુયાયીઓ માટે તે અત્યંત પ્રેરણાદાયી છે. તેનું કારણ એ છે કે, પ્રત્યેક ધર્મ અને સંપ્રદાયનું અંતિમ લક્ષ્ય તો કામ, ક્રોધ, લોભ, મદ, મોહ-માયા વગેરે જેવા રિપુઓ ઉપર વિજય પ્રાપ્ત કરવાનો જ છે. જેના દ્વારા જ મોક્ષ માટેનો માર્ગ ખોલે છે. મોક્ષ પ્રાપ્તિ માટે ઐશ્વર્ય પ્રત્યે વિરક્તિ અને ઇન્દ્રિય પર સંયમ અને વિજય એ પરમ આવશ્યક છે. એ જ આ પ્રસ્તુત કથાઓનું હાર્દ છે. એ જ અહિયાં જુદી-જુદી દૃષ્ટાંત કથાઓ દ્વારા રજૂ કરવામાં આવી છે.

આરંભમાં જે કથાઓ એક પછી એક વાતને સ્પષ્ટ કરતી આગળ વધે છે, પછી તેમાં પુનરાવૃત્તિ થાય છે. આગળની વાતોનું અનુસંધાન કરીને પોતાની વાતોને આગળ ચલાવે છે. વસ્તુ નિરૂપણ, પ્રસંગ નિરૂપણમાં સામાસિક પદાવલીઓ છે. જે આપણને સંસ્કૃત સાહિત્યનું સ્મરણ કરાવે છે.જૈન

સાહિત્ય અને તેમાંનું આગમ સાહિત્યનુ ભારતીય સાહિત્યમાં યોગદાન ઘણું છે. આમાંની કથાઓના કથાઘટક એટલે કે મોટિફને લઈને અલગ અલગ ભાષા સાહિત્યમાં તેને વિકસાવવામાં આવી છે. જેમકે દ્રૌપદીના પૂર્વભવનું આખ્યાન એ નાગશ્રીની સુગંધ દશમીની કથાનો આધાર છે. ગજસુકુમાર જેવા આખ્યાનસુત્રોના પલ્લવનથી આગળ જતાં સ્વતંત્ર કૃતિઓનું નિર્માણ પણ અહિયાથી થયું છે. કથાઓમાં પ્રતીકોનો વિનિયોગ પણ અદ્દભુત છે. પ્રાણીકથાઓનો સૂત્રપાત પણ આગળ જતા પ્રમુખ અંગ બની ગયું છે. આ રીતે સમગ્ર જ્ઞાતા ધર્મકથાઓને ધ્યાનમાં રાખીને અહીં વાત રજૂ થઇ છે.

- **થાલીપુલાક ન્યાય - ઉદકજ્ઞાત:**

તપેલીમાં ભાત રાંધવા મુક્યો હોય, અને તે બરાબર રંધાઈ ગયો છે કે નહીં, તે જાણવા આપણે તેમનો એક દાણો લઈને દબાવીએ, ત્યારે ખ્યાલ આવે છે કે ભાત ચડી ગયા છે કે નહીં. એવી જ રીતે થાલીપુલાક ન્યાય એક અધ્યયન લઈએ, તેનું નામ છે – **ઉદકજ્ઞાત.** જ્ઞાત એટલે ઉદાહરણ. આ ઉદાહરણો ધર્મકથાને લગતા છે. બંનેને ભેગા કરીએ એટલે શબ્દ બને તે જ્ઞાતાધર્મકથા. આ અધ્યયનનો સર સંક્ષેપ આ પ્રમાણે છે.

**ઉદક** એટલે **પાણી.** અને **જ્ઞાત** એટલે **ઉદાહરણ.** આ આધ્યયનમાં ગંદા પાણીના દ્રષ્ટાંતથી ઉદ્ગલ પરિણમનનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. એની પ્રધાનતાએ આ અધ્યયનનું નામ **ઉદ્કજ્ઞાત** છે. આ અધ્યયનમાં ઉદ્ગલ પર્યાયની ક્ષણિકતા અને પરિવર્તનશીલતાનું દર્શન કરાવી, તેનાથી મુખ્યત્વે રાગ-દ્વેષના ભાવ ન રાખવાનું સૂચન ભગવાન અહીંયા કરે છે.

શરૂઆત જંબુસ્વામીના પ્રશ્નથી થાય છે. તેઓ પૂછે છે કે, 'હે ભગવાન! શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ જ્ઞાતાસૂત્રના આગિયારમાં અધ્યયનના જે ભાવ કહ્યાં એ તો મેં જાણ્યા. પણ જ્ઞાતાસૂત્રના બારમાં અધ્યયનના કયા ભાવ કહ્યા છે?' એમ કહીને જંબુસ્વામીને સંબોધન કરીને સુધર્માસ્વામી પોતાની વાત આરંભે છે. ચંપાનગરીમાં જીતશત્રુ રાજા અને સુબુદ્ધિપ્રધાન (મુખ્ય પાત્ર) રહેતા હતા. સુબુદ્ધિપ્રધાન જીનમતના શ્રાવક હતા. હવે એક દિવસ એવું થાય છે કે, જીનશત્રુ રાજાએ રાજ્યના શ્રેષ્ઠીઓ, મોટા મોટા વેપારીઓ, જુદાં-જુદાં રજાઓ વગેરેને સાથે લઈને ફરતો. તે પોતાને ત્યાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓને ભોજન માટે બોલાવતો. એક દિવસ જીત શત્રુ રાજાએ આવા અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓ ભોજન માટે આવ્યા હતા. ભોજન બાદ સ્વાદિષ્ટ ભોજનની તેઓએ ખૂબ પ્રશંસા કરી. પરંપરા પ્રમાણે રાજાની સાથે બીજા લોકોએ પણ હા માં હા મેળવી. અહીં મનુષ્યના મનનું વિજ્ઞાન આચાર્ય સ્વામીઓ કેવા જાણીને બેઠેલા હોય છે તેની વાત ૨૫૦૦ વર્ષો પહેલાં જ કરી દેવામાં આવી

છે. ઉદ્‌ગલ દ્રવ્યની પરિવર્તનશીલતાના જ્ઞાતા એવા સુબુદ્ધિપ્રધાન જાણે છે કે, જે અત્યારે છે એ વસ્તુ એવી ને એવી કાયમ રહેવાની નથી. એમાં પરિવર્તન આવશે અને તે ક્ષીણ થઇને ધીરે ધીરે નાશવંત થવાની છે. આવું જેને બરાબર આત્મસાત થઇ ગયું છે, એવા સુબુદ્ધિપ્રધાને ભોજન સામગ્રીની અંશ માત્ર પણ પ્રશંસા કરી નહિ અને મૌન રહ્યા જે રાજાને ખૂબ કઠયું. એક વારંવાર પ્રધાનને પૂછ્યું છતાં સુબુદ્ધિપ્રધાન મૌન રહે છે અને રાજાને ઉદ્‌ગલ દ્રવ્ય સમજાવે છે. રાજાને પ્રધાનનો આ વ્યવહાર અને એમણે આપેલું તત્વજ્ઞાન ગમતું નથી. ત્યારબાદ બીજી ઘટના ઘટે છે. એક દિવસ જીતશત્રુ રાજા ચંપાનગરીની બહાર અશ્વક્રીડા માટે નીકળે છે. માર્ગમાં અત્યંત મલિન ખાઈ, દુર્ગંધમય પાણીથી બધાંજ ત્રસ્ત થઇ ગયા. નાકને ઢાંકીને તેઓ જલ્દીથી ત્યાંથી પસાર થઇ ગયા. ત્યારબાદ રાજાએ એ મલિન પાણી પ્રત્યે પોતાના દ્વેષ યુક્ત મનોભાવો પ્રગટ કર્યા. એ સમયે પણ એમણે સુબુદ્ધિપ્રધાનને કીધું કે, 'તમારો આ બાબતે શું વિચાર છે?' એ સમયે પણ ફરી તેઓ મૌન રહે છે. ન તો નિંદા કરી કે ન તો વખાણ કર્યા. રાજાએ વારંવાર પૂછ્યું, ત્યારે સુબુદ્ધિપ્રધાને ઉદ્‌ગલ પર્યાયની પરિવર્તનશીલતા સમજાવી. પણ રાજાને તેમના કથન પર શ્રદ્ધા બેઠી નહીં. એમણે સુબુદ્ધિપ્રધાનને દુરાગ્રહવાદી કહીને તેમનો તિરસ્કાર કર્યો. તેને લાગ્યું કે મારી રાજા પ્રત્યેની કર્તવ્ય પરાયણતા હું કઈ રીતે સાબિત કરીશ? રાજા રાગ-દ્વેષ યુક્ત હોય તે ન ચાલે. રાજાને મારે તત્વજ્ઞાન કરાવવું જોઈએ. એના માટે નામ પ્રમાણે ગુણો ધરાવનાર સુબુદ્ધિપ્રધાને એક સરસ પ્રયોગ કર્યો. રાજાને સત્ય સમજાવવા માટે તેણે ખાઈના એ જ ગંદા પાણીમાં વિવિધ પ્રયોગો કર્યા. અનેકવિધ દ્રવ્યો નાંખ્યા જેના લીધે પાણી એકદમ સ્વચ્છ, નિર્મળ અને સુગંધિત બની ગયું. ત્યારપછી એ જ પાણી રાજાના ભોજન સમયે તેમને પીવા માટે મોકલ્યું. રાજા એ પાણી પીને ખૂબજ પ્રસન્ન થયા. બીજા લોકો પણ રાજા સાથે પાણીની પ્રશંસા કરવા લાગ્યા. પરંતુ રાજાને પ્રશ્ન થયો કે, 'આવું પાણી આજ સુધી તો મેં ક્યારેય નથી પીધું તો અચાનક ક્યાંથી?' સેવકે કહ્યું, મને આ પાણી તો પ્રધાને આપ્યું હતું. પ્રધાનને રાજા હંમેશા એ જ પાણી આપવા કહે છે અને પુછે છે, ત્યારે પ્રધાન પેલી ખાઈના પાણી વિશે સાચી વાત કહે છે. ભગવંતે ગંદા પાણીનું જે રીતે વર્ણન કર્યું છે, અને સ્વચ્છ બની ગયા પછીનું જે વર્ણન છે તે અદ્દભૂત છે. પાણી કેવું હોવું જોઈએ તે પણ આ વિશેષણો દ્વારા આપણને ખ્યાલ આવે છે. આપણે પાણીને ફક્ત ગાળીને અને ઉકાળીને પીવાની વાત જાણીએ છીએ. પણ એના મૂળ આપણા જૈન ધર્મના આ આગમોમાં રહેલું છે. તેમાં સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યું છે. સ્વચ્છ, વિમળ, આરોગ્યજનક, તથ્ય, ઉત્તમ ગુણ સંપન્ન, શ્રેષ્ઠ, શીઘ્ર પાચન થાય તેવું હોવાથી વજનમાં હલકું, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શે પ્રશસ્ત, શ્રેષ્ઠ, રૂપમાં

પરીણસ્થ થયેલું, આસ્વાદનીય, બધીજ ઇન્દ્રિયો અને શરીરને તૃપ્ત કરનારું આવું આ જળ હતું અને એ જળ રાજાએ અને તેમના સાથીદારોએ પીધું અને તેના ખૂબજ વખાણ કર્યા.

આ ઘટનામાં સુબુદ્ધિપ્રધાને બે વસ્તુઓ નક્કી કરી.

**૧. ભોજનની પ્રશંસા - રાગ**

**૨. દુર્ગંધ યુક્ત જળ પ્રત્યે - દ્વેષ**

ભોજન એમને કેવું લાગ્યું અને તેની પ્રશંસા કરતી વખતે તેમને શું કહ્યું તેનું વર્ણન પણ અદ્દભૂત રીતે કરવામાં આવ્યું છે. એના પરથી એ પણ ખ્યાલ આવે છે કે ભોજન કેવું હોવું જોઈએ. આગમ ગ્રંથોનો ભોજનના સંદર્ભમાં આ એક પ્રચલિત પ્રયોગ છે. અશન એટલે અન્ન જેવું. ખાદ્ય એટલે પાન, દ્રાક્ષ, બદામ વગેરે જેવું. અને સ્વાદિન એટલે સ્વાધ્ય લવિંગ, સોપારી વગેરે.. એ મનને તૃપ્ત કરનારું ચતુર્વિધ ભોજન હતું. જેનું રાજા વર્ણન કરે છે. સ્વાદ, સ્પર્શ, રૂપ, રંગ અને ગંધ આ બધીજ વસ્તુઓ પરિવર્તનશીલ હોય છે. રાજા જેનાથી અજાણ છે. એ તો પોતાના ભોગ અને ઉપભોગમાં લીન છે. માટે તેઓ વર્ણન પણ તેવી રીતે જ કરે છે. શુભ વર્ણ, શુભ સ્પર્શ, સરસ આસ્વાદનીય, સવિશેષ રૂપે સ્વાદનીય, ઇન્દ્રિયોને તૃપ્ત કરનારું, જઠરાગ્નિઓને ઉદીપ્ત કરનારું, શારીરિક સૌન્દર્યમાં વૃદ્ધિ કરનારું, બળવર્ધક, કામોદીપક, બધી ધાતુઓની વૃદ્ધિ કરનારું.. બધાં તેમની હા માં હા મિલાવે છે. પણ સુબુદ્ધિપ્રધાન રોજની જેમ એકદમ સમભાવ રાખીને શાંતિથી ઉભા થઇ જાય છે. અહીં ભોજન પ્રત્યે રાજાનો રાગ દેખાય છે. અને એ જ રીતે દુર્ગંધ યુક્ત જળ પ્રત્યેના દ્વેષ સમયે પણ સુબુદ્ધિપ્રધાન સદ્દભાવ – તાટસ્થ્ય ભાવ રાખીને ખૂબ નિર્ભયપણે પોતાનો અભિપ્રાય આપે છે. જે એકદમ સામાન્ય બાબત છે. આપને પણ આપના રોજીંદા જીવનમાં આવી નાની નાની બાબતો સાથે વીંટળાયેલ હોઈએ છીએ. જેમાંથી પહેલા તો બહાર આવવાનું સ્વીકારવું જોઈએ. અને કેવી રીતે બહાર આવવું એનો આખો ઉંદ્દેશ આપણને ધર્મકથાઓ કહે છે.

એક તરફ રાગ અને બીજી તરફ દ્વેષથી ગ્રસ્ત રાજાને સુબુદ્ધિપ્રધાન ઉપદેશ આપે છે. તમે જે દુર્ગંધ યુક્ત પાણીનો તમે ધિક્કાર કર્યો હતો, જેના તરફ તમે દ્વેષ દ્રષ્ટિ રાખી હતી આજે એ જ પાણીમાં ઉદ્દ્ગલ પરીણમન આવવાથી આજે તમે તેના વખાણ કરી રહ્યા છો. દરેક ચીજ જેવી છે, તેવી જ શાસ્વત ક્યારેય રહેવાની નથી. કોઈપણ વસ્તુ જન્મે છે, તે ઉદ્દય પામે છે, પછી સ્થિર રહે છે, પછી

તેમાં ક્ષય આવે છે અને પછી એનો નાશ થાય છે. આ દરેક અણું માત્રની ગતિ છે. તો એના પ્રત્યે રાગ અને દ્વેષ શા માટે? માટે તટસ્થાથી જીવનમાં જે કંઈ આવે તેનો સ્વીકાર કરવો જોઈએ. જેમાં પ્રસન્નતાથી છલકાઈ જવાનું નથી અને નિંદાથી દુઃખી થવાનું નથી. આ રીતે રાજા આખી વાતને સ્વીકારે છે પણ જળ શુદ્ધિની પ્રક્રિયા જણાવવા કહે છે. ૨૫૦૦ થી ૩૦૦૦ વર્ષ દરમ્યાન જે વૈજ્ઞાનિક પ્રયોગો થયા તે લોકભોગ્ય પ્રયોગો તે વખતે તેમને કેવી રીતે કર્યા હશે? તેઓનો આત્મવિશ્વાસ કેવો હશે કે આવું કરવાથી પાણી ચોખ્ખું થશે, થશે ને થશે જ..!

સુબુદ્ધિપ્રધાને સેવક પાસેથી પાણીના નવ ઘડા કુંભાર પાસેથી મંગાવ્યા. આવા ગંદા પાણીનું વર્ણન જે ભગવંતે કર્યું છે, તેવા ગંદા પાણીને શુદ્ધ કઈ રીતે કર્યું હશે તે આશ્ચર્ય ઉપજાવે તેવી વાત છે. જેને આજે આપણે ફિલ્ટર કે એક્વાગાર્ડ કે આરોમાંથી આપણે પીએ છીએ. તો આ શુદ્ધિકરણની પ્રક્રિયા કંઇક આવી છે.

રાજ્યમાંથી બધાનું આવાગમન બંધ થયું, કોલાહલ શાંત થયું, સંધ્યાનો સમય હતો. ખાઈ સમીપે જઈ તે ઘરે લાવ્યા. ઘરે લાવીને નવા વસ્ત્રોથી તેને ગળાવ્યું. ગાળેલા એ પાણીને બીજા નવા ઘડાઓમાં ભરાવ્યું. તેમાં સાજીખાર નાંખીને ઢાકી દીધા. એક અઠવાડિયા સુધી એ પાણીને જવવા અને ઠરવા દીધું. આ વિધિ પ્રમાણે તેઓ સાત-સાત દિવસના અંતરે પુનઃ પુનઃ તેઓ ગળાવતા રહ્યા, સાજીખાર નખાવતા ગયાં, ઠરવા દીધું અને સત્તત સાત સપ્તક રાત્રી-દિવસ એટલે કે ઓગણપચાસ દિવસ જવવા દીધું ત્યારે એ ખાઈનું પાણી ઉદ્દક રત્ન બની ગયું. છતાં રાજાને આ વાત સાંભળીને વિશ્વાસ આવ્યો નહિ એટલે પ્રધાને ફરી આ જ પ્રક્રિયા એમને કરીને બતાવે છે, ત્યારે રાજા આ વાતને માને છે.

આમ, સુબુદ્ધિપ્રધાને શ્રદ્ધા, પ્રતીતિ અને કર્તવ્ય સમજીને રાજાને સત્યભાવોને સમજાવી ઉદ્દગલના પરિણમનના સિદ્ધાંતોનો સ્વીકાર કરાવવો જોઈએ. આ રીતે વિચાર કરીને ખાઈનું પાણી શ્રેષ્ઠ પાણી રૂપે રાજા સામે પ્રસ્તુત કર્યું. રાજા ત્યારે પ્રશ્ન કરે છે કે, ‘તમે રાગ-દ્વેષથી પર કેવી રીતે રહ્યા?’ એના પ્રત્યુતર રૂપે સુબુદ્ધિપ્રધાન જીન પ્રજ્ઞત ભાવોની વાત કરે છે અને તે તરફ રાજાને સમ્યક દ્રષ્ટિ રાખીને દીક્ષા લેવા પ્રેરણા આપે છે.

- **<u>ઉદક જ્ઞાનથી પ્રાપ્ત થતો બોધ -</u>**

ઉદક જ્ઞાનથી પ્રાપ્ત થતો બોધ અત્યંત પ્રાસંગિક છે. આપણે પણ અત્યારે જે વાતથી સૌથી વધારે દુઃખી થઈએ છીએ, તેના બે જ કારણો છે. 'ગમતી વસ્તુ પ્રત્યે રાગ અને અણગમતી વસ્તુ પ્રત્યેનો દ્વેષ.' ભગવાન એમ કહે છે કે, સમ્યક દ્રષ્ટિવાન જ્ઞાની મનુષ્ય કોઈપણ વસ્તુનું કેવળ બાહ્ય દ્રષ્ટિએ વિચાર નથી કરતો, પરંતુ આંતરિક-તાત્વિક દ્રષ્ટિએ પણ તેનું અવલોકન કરે છે. તેની દ્રષ્ટિ તત્વસ્પર્શી હોય છે. આવી દ્રષ્ટિ કેળવવાથી વ્યક્તિમાં રાગ-દ્વેષના આવિર્ભાવની સંભાવના પ્રાયઃ રહેતી જ નથી. તેનું ઉદાહરણ છે સુબુદ્ધિપ્રધાન. તેનાથી વિપરિત જીનશત્રુ રાજા મિથ્યાદ્રષ્ટિવાન. જે વસ્તુ છે તે વસ્તુ કાયમ એવીને એવી નથી રહેવાની તેવું ભાન ન થયેલી વ્યક્તિ. મિથ્યાદ્રષ્ટિવાન મનુષ્ય વસ્તુના બાહ્ય સ્વરૂપનો જ વિચાર કરે છે. એના અંતર, ઊંડાણ કે ગહેરાઈમાં એ જતો જ નથી. માટે જ તે પદાર્થોમાં ઇષ્ઠ અને અનિષ્ઠ, મનોજ્ઞ અને અમનોજ્ઞ આવા વિકલ્પો એ કરે છે અને પોતે કરેલાં જ આ માનસિક વિકલ્પો થાકી તે રાગ-દ્વેષને વશ થઇ કર્મબંધનનો તે ભાગીદાર બને છે. આવા આત્મહિતકારી ઉપદેશને અહીં અત્યંત સરળ કથાત્મક શૈલીમાં સુધર્માસ્વામીએ જંબુ સ્વામી સમક્ષ પ્રસ્તુત કર્યો છે. પંડિતયુગના મહાન વિદ્વાન આનંદશંકર ધ્રુવે આ બાબતે એક સરસ વ્યુત્પત્તિ આપી છે કે, જી ધાતુ - જી એટલે જીતવું. જૈન એટલે જીતવું. એટલે કે રાગ-દ્વેષ વગેરે શત્રુ ઉપર જય મેળવવાનો ધર્મ એટલે જૈન ધર્મ. સુબુદ્ધિપ્રધાનની નિર્ભયતા પણ અહીં સ્પર્શી જાય તેવી છે. તેની નૈતિકતાની પણ આધ્યાત્મિક નોંધ લેવી જોઈએ. રાજાની હા માં હા મેળવનારા લોકો ઘણાં હોય છે પણ આવો વીરલો ભાગ્યે જ કોઈ એક હોય છે. જે પોતાના રાજાને પણ સત્યના માર્ગે લાવવાં માટે સત્યને તટસ્થ રહે. કટુ સત્ય કહીને પણ તેણે બંનેથી પર થવાનો માર્ગ તેણે રાજાને બતાવ્યો. એક વૃત્તિકારે આ કથાના સંદર્ભે સરસ ગાથા રજૂ કરી છે. જીતશત્રુ અને સુબુદ્ધિપ્રધાનના કથાનક માંથી આપણને શું બોધ મળે છે તેમાં તેમને આખી આ કથાને એકજ ગાથામાં તેમણે રજૂ કરી બતાવી છે. જેમનું મન મિથ્યાત્વથી મૂઢ છે, પાપોમાં આશક્ત છે અને ગુણોથી શૂન્ય છે, એવા પ્રાણીઓ પણ શ્રેષ્ઠ ગુરુની કૃપાથી, અશુદ્ધ પાણી જેમ સ્વચ્છ અને ઉત્તમ બની જાય છે, તેમ ગુણવાન બની જાય છે. જગત પરિવર્તનશીલ છે માટે કોઈપણ પ્રત્યે રાગ-દ્વેષ રાખવા જોઈએ નહીં. સ્વભાવમાં સમતાનો બોધ આ કથાનક આપણને આપી જાય છે.

સજ્જનો, ગુરુજનોનો, સાધુ-સાધ્વી-ભગવંતોનો સંગ, ઉત્તમ વિદ્વતજનોનો સંગ કુમતિને દૂર કરે છે, ચિત્તને નિર્મળ બનાવે છે, કરુણાનો મિત્તાર કરે છે. સત્સંગ મનુષ્યનું શું મંગળ નથી કરતી?

આ રીતે નૈતિક મુલ્યોની સાથે આધ્યાત્મિક મૂલ્યોનો પણ ઉદ્દક અધ્યયન બોધ કરાવે છે. તત્કાલીન સંસ્કૃતિના દ્વાર આ આગમગ્રંથો આપણને ખોલી આપે છે. આધ્યાત્મિક ઉપદેશ તો છે જ. તેની સાથે જીવતા જીવનને કેવી રીતે ઉર્ધ્વગામી બનાવવાના કીમિયા પણ આ દ્રષ્ટાંતો દ્વારા આપણને પ્રાપ્ત થાય છે.

*************************